| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | :– | ૧૨/૦૫/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :– | ૧૨/૦૫/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | :– | ૨૬/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૦૦ | ૧૪ |

**ખેડા જિલ્લાના મહે.ત્રીજા અધિક ડિસ્ટ્રીક્ટ જજ સાહેબશ્રીની અદાલતમાં,**

**મુ.નડીઆદ**

**રેગ્યુલર સિવિલ અપીલ નં. :૧૩૩/૨૦૨૨**

**આંક–**

**વિવાદી–** (૧) **ભુપેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ,**

**(મૂળ વાદી)** ઉ.વ.૭૨, ધંધો–ખેતી,

(૨) **પ્રિતેશભાઈ ધર્મેન્દ્રભાઈ પટેલ,**

ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી,

બંને રહે.નડીઆદ, ઠે.વિહાર સોસાયટી,
વી.કે.વી. રોડ, નડીઆદ, જિ.ખેડા.

**વિરુદ્ધ**

**પ્રતિ વિવાદી–** (૧) **ગુજ.બચુભાઈ સોમાભાઈ ભોઈના વારસો**

**(મૂળ પ્રતિવાદી)** **(૧.૧)અમૃતભાઈ બચુભાઈ ભોઈ**

ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

**(૧.૨)મહેશભાઈ બચુભાઈ ભોઈ**

ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

**(૧.૩)દિલીપભાઈ બચુભાઈ ભોઈ**

ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

**(૧.૪)જ્યંતિભાઈ બચુભાઈ ભોઈ**

ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

તમામ રહે.હાથનોલી, તા.નડીઆદ,

જિ.ખેડા.

==================================================

**સિવિલ પ્રોસિઝર કોડની કલમ–૯૬ મુજબ અપીલ**

==================================================

==================================================

**એપેલન્ટના વિ.વ.શ્રી બી.સી.પટેલ**
**રીસ્પોડન્ટના વિ.વ.શ્રી એન.કે.ગોહીલ**

==================================================

## –:: ઠરાવ ::–

**(૧)** આ કામના પ્રતિ વિવાદી (મૂળ વાદી)એ વિવાદી (મૂળ પ્રતિવાદી) સામે નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજશ્રીનાઓની કોર્ટમાં રે.મુ.નં.૩૬/૨૦૧૩ થી દાવો દાખલ કરેલ. જે દાવો નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજનાઓની કોર્ટ સમક્ષ ચાલી જતા તેઓના તા.૦૪/૦૪/૨૦૨૨ ના હુકમ તથા હુકમનામાથી દાવો મંજૂર કરતો હુકમ કરેલ છે. જેનાથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

**(૨)** હાલની અપીલ દાખલ કરતા નામ. કોર્ટે રીસ્પોન્ડન્ટસ વિરુદ્ધ નોટિસ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહું નોટિસ બજતા રીસ્પોન્ડન્ટસ તેમના વિ.વ.શ્રી એન. કે. ગોહીલ મારફતે હાજર થયેલ છે.

**(૩)** સૌપ્રથમ જોઈએ તો વાદીએ આ કામના પ્રતિવાદી વિરુદ્ધ દાવો દાખલ કરી આ કામના વાદી મોજે હાથનોલી ગામ, જી.ખેડામાં આવેલી દાવાવાળી જમીન કે જેનો સ.નં.૯૬ અને ૪૫૧ વાળી જમીનો છે તેમાં છેલ્લા ચાલીસ વર્ષથી પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવે છે અને ખેતી કરી ઉપજ નીપજ લે છે તથા દાવાવાળી જમીનમાં ઓરડી બાંધીને કુટુંબ કબીલા સાથે રહે છે. પ્રતિવાદી જમીનના માલિક છે. પરંતુ કયારેય તેઓ દાવાવાળી જમીન કે હાથનોલી ગામમાં રહ્યા નથી અને રહેતા નથી કે જમીન ખેડી વાવી ઉપજ

લીધેલ નથી. દાવાવાળી જમીનના સરકારી રેકર્ડ ઉપર વાદીનું નામ ગણોતીયા તરીકે દાખલ થયેલ છે. જે દાવાવાળી જમીનના ખુંટ વર્ણન નીચે મુજબ છે.

<u>**સર્વે નં.૪૫૧ ના ખુંટનું વર્ણન**</u>

પૂર્વે – રસ્તો છોડી પરસુભાઈ રાવજીભાઈ પટેલનું ખેતર આવેલ છે.

પશ્ચિમે – લગોલગ અડીને વાદીની સ.નં.૯૬ની જમીન આવેલી છે.

ઉત્તરે – મનુભાઈ ઉર્ફે જશભાઈ ગેમસંગની જમીન આવેલી છે.

દક્ષિણે – ઉદાભાઈ પ્રતાપભાઈ વાઘેલાની જમીન આવેલી છે.

<u>**સ.નં.૯૬ ના ખુંટનું વર્ણન**</u>

પૂર્વે – સ.નં. ૪૫૧ વાળી વાદીના કબજા ભોગવટાની જમીન આવેલી છે.

પશ્ચિમે – પ્રમોદભાઈ આપાભાઈ પટેલની જમીન આવેલી છે.

ઉત્તરે – મનુભાઈ ઉર્ફે જશભાઈ ઘેમસંગભાઈ ચૌહાણ ની જમીન આવેલી છે.

દક્ષિણે – જશભાઈ ચતુરભાઈ પટેલની જમીન આવેલી છે.

ઉપરોકત બંને સ.નં.વાળી ખુંટના વર્ણનવાળી તથા તેની વચ્ચેની જમીન પણ વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલી છે જે જમીનના ખેતીના પાક માટે વાદી મનુભાઈ ઉર્ફે જશભાઈ ગેમસંગભાઈ ચૌહાણના બોર કુવાનું પાણી લે છે. અગાઉ વર્ષો પહેલાં આ કામના પ્રતિવાદીના વડીલોને વાદી જમીન પેટે આવકનો ભાગ આપતા હતા. આમ, જમીનના મુળ માલિક સદર જમીનમાં આવકનો ભાગ લેતા હોય અને જમીન વર્ષોથી ખેડતા હોય વાદીનો ગણોત હક્ક પોષાય છે તથા વાદી દાવાવાળી જમીનમાં છાપરુ બાંધી રહેણાંક તરીકે પણ ઉપયોગ કરે છે. જેથી વાદીએ નડીઆદ કૃષિપંચ અને મામ.સાહેબ સમક્ષ ગણોત ધારાની કલમ–૭૦ બી અને ૭૦ (એન) બી મુજબ ગણોત કેસ નં.૪૦/૦૭ દાખલ કરેલ જેમાં વાદીને મનાઈ હુકમ મળેલ. સદરહુ ગણોત કેસમાં તા.૦૬–૧૦–૦૭ ના રોજ સર્કલ ઓફીસર

દ્વારા સ્થળ સ્થિતિનું પંચનામુ કરવામાં આવેલ જેમાં પણ વાદીનો કબજો ભોગવટો હોવાનું જાહેર થયેલ તથા વાદીની તરફેણમાં થયેલ મનાઈ હુકમની દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં નોંધ પડેલી. જે મનાઈ હુકમ સામે આ કામના પ્રતિવાદી એ ગણીત અપીલ નં.૪૫/૦૭ દાખલ કરેલ છે. ત્યારબાદ વાદીએ ગણોત કેસ નં. ૦૬/૧૦ પણ દાખલ કરેલ. જેમાં વાદીએ સોંગદ ઉપર જબાની આપી દાવાવાળી જમીનના મહેસુલ વાદી ભરે છે તથા વાદીનો કબજો છે તેમ જણાવેલ. તેમછતાં પ્રતિવાદી પૈસા પાત્ર અને વગદાર હોય સદર ગણોત કેસ નં.૦૬/૧૦ માં પ્રતિવાદીની તરફેણમાં ૭૦(બી) મુજબનો હુકમ કરાવેલ તથા પ્રતિવાદીએ ત્યારબાદ વાદી વિરુધ્ધ રે.દી.મુ. નં.૨૦૭/૧૦ તથા ૨૦૮/૧૦ દાખલ કરી રૂ.૮૦૦૦/– માં દાવાવાળી જમીન ગીરો મુકેલ તેવી ખોટી હકીકતો ઉભી કરેલ જેથી આ કામના પ્રતિવાદી પૈસાપાત્ર હોય દાવા અરજીના પેરા–૦૫ માં દાવાનું કારણ બતાવેલ છે કે, વાદી પાસેથી દાવાવાળી જમીનનો કબજો ભોગવટો પૈસાના જોરે પડાવી લે તેવી પુરી સંભાવના હોય તથા તા.૦૪–૦૨–૧૩ ના રોજ એટલે કે દાવો દાખલ કર્યાના બે દિવસ અગાઉ સાંજના પાંચ વાગ્યાના સુમારે વાદીને દાવાવાળી જમીનનો પોલીસ સાથે રાખી કબજો છોડી દેવા ધમકીઓ આપેલ જેથી હાલનો દાવો દાખલ કરી દાવા અરજીના પેરા–૧૦ માં જણાવ્યા મુજબ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયમી મનાઈ હુકમની દાદ માંગી દાવો દાખલ કરેલ છે.

(૪) વિદ્વાન ટ્રાયલ અદાલતે સદરહુ દાવાના નિકાલ માટે આંક– ૩૯ થી મુદ્દાઓ ઘડેલા. જે નીચે મુજબ છે.

(૧) શું વાદી પક્ષ પુરવાર કરે છે કે, મોજે: હાથનોલી, તા.નડીઆદના સર્વે. નં.બ્લોક નં.૪૫૧ ક્ષેત્રફળ ૦–૬૭–૭૯ તથા સર્વે નં./બ્લોક નં.૯૬ ક્ષેત્રફળ ૦–૬૭–૭૯ વાળી મીલ્કતના ગણોત હકકથી ૩૦–૪૦ વર્ષથી ખેડવાથી અને જમીન પર ઓરડી બાંધી કબજો ધરાવે છે?

(૨) શું પ્રતિવાદી પક્ષ પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનો તે જમીનના મુળ માલિકોએ વાદીને ગીરો હકકથી આપેલ અને વાદી ગીરો હકકથી દાવાવાળી મિલ્કતનો કબજો ધરાવે છે?

(૩) શું પ્રતિવાદી પક્ષ પુરવાર કરે છે કે, તેઓએ દાવાવાળી જમીન, તે જમીનના માલિક પાસેથી રજીસ્ટર દસ્તાવેજના આધારે કાયદેસર રીતે વેચાણ રાખેલ છે?

(૪) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામું?

(૫) ઉપરોક્ત મુદ્દાઓનો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) હકારમાં.

(૫) આખરી હુકમ અનુસાર.

(૬) ટ્રાયલ કોર્ટમાં વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલા છે.

**<u>-:: મૌખિક પુરાવો ::-</u>**

| અ.નં. | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી વિઠ્ઠલભાઈ ભલાભાઈ મેઘાનું સરતપાસનું સોગંદનામુ | ૬૪ |
| ૨ | વાદીના સાહેદ અમૃતભાઈ બચુભાઈ પરમારનું સરતપાસનું સોગંદનામુ | ૮૭ |
| ૩ | વાદીના સાહેદ અરવિંદભાઈ જશભાઈ ચૌહાણનું સરતપાસનું સોગંદનામું | ૧૧૪ |
| ૪ | વાદીના સાહેદ રાજેશભાઈ ઉદેસીંગભાઈ વાઘેલાનું સરતપાસનું સોગંદનામુ | ૧૧૫ |

(૭) વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | વાદી વિઠ્ઠલભાઈ ભલાભાઈના મરણના દાખલાની નકલ | ૭૯ |
| ૨ | વાદીએ દાખલ કરેલ દાવાવાળી જમીન અંગે ૭૦/બી મુજબ ગણોત કેસ નં.૪૦/૦૭ ના કામમાં કૃષિપંચ મામ. શ્રીની સમક્ષ રજુ કરેલ અરજીની પ્રમાણીત સહી સિકકાવાળી નકલ | ૯૨ |
| ૩ | વાદીએ દાખલ કરેલ ગણોત કેસ નં.૪૦/૦૭ના કામમાં ૭૦ એન.બી.ની મનાઈ હુકમ મેળવવા માટેની અરજીની સહી સિકકાવાળી પ્રમાણીત નકલ | ૯૩ |
| ૪ | કૃષિપંચ મામ.ના હુકમ મુજબ તલાટી કમ મંત્રી, હાથનોલીનાએ દાવાવાળી જગ્યાના કરેલ સ્થળસ્થિતિના પંચનામાની સહી સિકકાવાળી પ્રમાણીત નકલ | ૯૪ |
| ૫ | નડીઆદના ટેનન્સી મામ.શ્રીને ગણોત કેસ નં.૪૦/૦૭ ના કામમાં મનાઈ હુકમની અરજી ઉપર કરેલ હુકમની સહી સિકકાવાળી નકલ | ૯૫ |
| ૬ | નડીઆદના ટેનન્સી મામ. શ્રીએ વાદી તથા પ્રતિવાદીને ગણોત કેસ નં.૪૦/૦૭ ના કામમાં વાદી તરફે થયેલ હુકમની સુચના અંગેની નોટીસ મોકલેલ તેની પ્રમાણિત નકલ | ૯૬ |
| ૭ | વાદીએ પાણી પત્રકે નામ દાખલ કરવા દાવાવાળી જમીન હાથનોલી ગામના સીમના સ.નં. ૪૫૧ તથા ૯૬ અંગે પાણી પત્રકમાં નામ ચઢાવવા આપેલ અરજીની ઓફીસ કોપી | ૯૭ |
| ૮ | નાયબ કલેકટર નડીઆદની સમક્ષ પ્રતિવાદીએ વાદી સામે કરેલ ગણોત કેસ નં.૪૫/૦૭ ની ટેનન્સી અપીલની નોટીસની પ્રમાણીત સિકકાવાળી નકલ | ૯૮ |
| ૯ | ૭૦/બી ના કેસ ચાલતા દરમ્યાન દાવાવાળી જગ્યાની | ૯૯ |

| | | |
|---|---|---|
| | યથાવત સ્થિતિ જાળવી રાખવા માટે નાયબ કલેકટરશ્રીએ કરેલ હુકમની સહી સિકકાવાળી નકલ | |
| **૧૦** | પ્રતિવાદીએ ફે. નોંધ નં.૭૩૮ ની ૧૩૫/ડી ની નોટીસ બજાવેલી તે નકલ વાદીને મોકલેલ તે અસલ નોટીસ | **૧૦૦** |
| **૧૧** | દાવાવાળી બ્લોક નં. ૪૫૧ તથા ૯૬ અંગે પ્રતિવાદી વિરુધ્ધ થયેલ ગણોત કેસમાં પડેલ ફેરફાર નોંધ નં.૬૩૬ ની સિકકાવાળી પ્રમાણિત નકલ | **૧૦૧** |
| **૧૨** | ગામ નમુના નં.૬ ના હકકપત્રકે પડેલ ફેરફાર નોંધ નં.૭૩૮ અનંગે તા. ૦૩–૦૪–૧૦ ના રોજ પડેલ ફેરફાર નોંધની સહી સિક્કાવાળી નકલ | **૧૦૨** |
| **૧૩** | દાવાવાળી બ્લોક નં.૯૬ વાળી જમીનના ગામ નમુના નં. ૭/તથા ૧૨ ના ઉતારાની પ્રમાણિત નકલ | **૧૦૩** |
| **૧૪** | દાવાવાળી બ્લોક નં.૪૫૧ વાળી જમીનના ગામ નમુના નં. ૭તથા ૧૨ ના ઉતારાની પ્રમાણીત નકલ | **૧૦૪** |
| **૧૫** | દાવાવાળી જમીન અંગે વાદીએ ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ | **૧૦૫** |
| **૧૬** | દાવાવાળી જમીન અંગે વાદીએ ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ | **૧૦૬** |
| **૧૭** | દાવાવાળી જમીન અંગે વાદીએ ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ | **૧૦૭** |
| **૧૮** | દાવાવાળી જમીન અંગે વાદીએ ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ | **૧૦૮** |
| **૧૯** | દાવાવાળી જમીન અંગે વાદીએ ભરેલ જમીન મહેસુલની અસલ પાવતીઓ | **૧૦૯** |
| **૨૦** | વાદીના સદર દીવાની કામે થયેલ હુકમ આધારે પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૧૧૨૭ ની અસલ ઉતારાની નકલ | **૧૧૦** |
| **૨૧** | મુળ વાદી બચુભાઈ સોમાભાઈ ભોઈએ કરી આપેલ અસલ પાવર ઓફ એટર્ની | **૧૧૧** |
| **૨૨** | પ્રતિવાદીએ વાદી સામે નડીઆદ સિવિલ કોર્ટમાં કરેલ દાવો કૌ.મુ.નં.૨૦૭/૧૦ ની દાવા અરજીની પ્રમાણિત સહી સિકકાવાળી નકલ (તા.૨૫–૦૮– ૯) | **૧૨૨** |
| **૨૩** | પ્રતિવાદીએ વાદી સામે નડીઆદ સિવિલ કોર્ટમાં કરેલ | **૧૨૩** |

| | | |
|---|---|---|
| | દાવો કો.મુ.નં.૨૦૭/૧૦ની દાવાના કામે વાદીએ રજુ કરેલ લેખીત જવાબની પ્રમાણીત સહી સિકકાવાળી નકલ | |
| **૨૪** | પ્રતિવાદીએ વાડી સામે નડીઆદ સિવિલ કોર્ટમાં કરેલ દાવો કો.મુ..૨૦૮/૧૦ ની દાવા અરજીની પ્રમાણિત સહી સિકકાવાળી નકલ (તા.૨૫-૦૮-૧૦) | **૧૨૪** |
| **૨૫** | પ્રતિવાદીએ વાદી સામે નડીઆદ સિવિલ કોર્ટમાં કરેલ દાવો કો.મુ.નં.૨૦૮/૧૦ ની દાવાના કામે વાદીએ રજુ કરેલ લેખીત જવાબની નકલ પ્રમાણિત સહી સિક્કાવાળી (તા.૨૫-૦૮-૧૦) | **૧૨૫** |
| **૨૬** | વાદીએ પ્રતિવાદી સામે નડીઆદના મહે. નાયબ કલેકટર સાહેબ (જસુ) અપીલની કોર્ટમાં કરેલ અપીલની સહી સીક્કાવાળી નકલ | **૧૨૯** |
| **૨૭** | વાદીએ પ્રતિવાદી સામે નડીઆદના મહે. નાયબ કલેકટર/સાહેબ(જસુ) અપીલની કોર્ટમાં કરેલ વકીલાતનામાની સહી સિકકાવાળી નકલ | **૧૩૦** |
| **૨૮** | પ્રતિવાદીએ વાદી સામે નડીઆદના મહે.નાયબ કલેકટર સાહેબ(જસુ) અપીલની કોર્ટમાં કરેલ અપીલની સહી સિકકાવાળી નકલ | **૧૩૧** |
| **૨૯** | પ્રતિવાદીએ વાદી સામે નડીઆદના મહે.નાયબ કલેકટર સાહેબ(જસુ) અપીલની કોર્ટમાં કરેલ વકીલાતનામાની સહી સિકકાવાળી નકલ | **૧૩૨** |
| **૩૦** | કલોઝીંગ પુરસીસ | **૧૩૩** |

(૮) ટ્રાયલ કોર્ટમાં પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| **અ.નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | પ્રતિવાદી ભુપેન્દ્રભાઈ રેવાભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ | **૧૩૭** |

(૯) ટ્રાયલ કોર્ટમાં પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | બ્લોક નં.૪૫૧ ની ગીરો છોડાવવાની રે.મુ.નં.૨૦૭/૧૦ની દાવા અરજીની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૩૮ |
| ૨ | બ્લોક નં.૯૬ ની ગીરો છોડાવવાની રે.મુ.નં.૨૦૮/૧૦થી દાવો કર્યો તે દાવા અરજીની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૩૯ |
| ૩ | દાવાવાળા બ્લોક નં.૯૬ ના ગામ નમુના નં.૭ ની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૦ |
| ૪ | દાવાવાળો બ્લોક નં.૯૬ ના મુળ માલિક પ્રમોદભાઈ આપાભાઈ પટેલ પાસેથી પ્રતિવાદી ભુપેદ્રભાઈ રેવાભાઈ પટેલનાઓએ રજીસ્ટર દસ્તાવેજથી મિલકત વેચાણ રાખી તેની સર્ટીફાઈડ નકલ | ૧૪૧ |
| ૫ | રે.મુ.નં.૨૦૮/૧૦ ના દાવામાં ભુપેદ્રભાઈ રેવાભાઈ પટેલનું પુરાવાના સોગંદનામાની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૨ |
| ૬ | રે.મુ.નં.૨૦૮/૧૦ ના દાવામાં પટેલ ઠાકોરભાઈ ચતુરભાઈનું પુરાવાના સોગંદનામાની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૩ |
| ૭ | રે.મુ.નં.૨૦૮/૧૦ ના દાવામાં ભીમાભાઈ રણછોડભાઈનું પુરાવાના સોગંદનામાની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૪ |
| ૮ | દાવાવાળા બ્લોક નં.૪૫૧ ના ગામ નમુના નં.૭ ની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૫ |
| ૯ | દાવાવાળા બ્લોક નં.૪૫૧ ના મુળ માલિક મધુબેન નટુભાઈ આપાભાઈ પટેલની વિધવા પાસેથી પ્રતિવાદી ભુપેન્દભાઈ રેવાભાઈ પટેલનાઓએ રજીસ્ટર દસ્તાવેજથી મીલ્કત વેચાણ રાખી તે દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૬ |

| | | |
|---|---|---|
| ૧૦ | રે.દી.મુ.નં.૨૦૭/૧૦ ના દાવામાં પટેલ ચંદુભાઈ ચતુરભાઈનું પુરાવાનું સોગંદનામાની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૭ |
| ૧૧ | રે.દી.મુ.નં.૨૦૭/૧૦ ના દાવામાં પટેલ રમણભાઈ કુલાભાઈ ભોઈનું પુરાવાનું સોગંદનામાની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૮ |
| ૧૨ | રે.દી.મુ.નં.૨૦૭/૧૦ ના દાવામાં પટેલ ભુપેન્દભાઈ રેવાભાઈનું પુરાવાનું સોગંદનામાની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૪૯ |
| ૧૩ | ગણોત કેસ નં.૪૦/૦૭ માં અશ્વિનભાઈ કનુભાઈ ચૌહાણની જુબાની થયેલ તેની સર્ટીફાઈડની નકલની ઝેરોક્ષ કોપી | ૧૫૦ |
| ૧૪ | થયેલ તેની સર્ટીફાઈડની નકલની ઝેરોક્ષ કોપી ગણોત કેસ નં.૪૦/૦૭ માં ભુપેદ્રભાઈ રેવાભાઈ પટેલની જુબાની | ૧૫૧ |
| ૧૫ | ગણોત કેસ નં.૪૦/૦૭ માં પ્રમોદભાઈ આપાાભાઈ પટેલની જુબાનીની સર્ટીફાઈડની નકલની ઝેરોક્ષ કોપી | ૧૫૨ |
| ૧૬ | ગણોત કેસ નં.૦૬/૧૦ માં જશભાઈ ગેમસીહભાઈની જુબાનીની સર્ટીફાઈડની નકલની અસલ | ૧૫૩ |
| ૧૭ | ગણોત કેસ નં.૪૦/૦૭ માં જશભાઈ ગેમસીંહભાઈ ચૌહાણની થયેલ ઉલટતપાસની સર્ટીફાઈડની નકલની ઝેરોક્ષ કોપી | ૧૫૪ |
| ૧૮ | ગણોત કેસ નં.૦૬/૧૦ માં બચુભાઈ સોમાભાઈ ભોઈની જુબાની થયેલ તેની સર્ટીફાઈડની નકલની ઝેરોક્ષ કોપી | ૧૫૫ |
| ૧૯ | ગણોત કેસ નં.૦૬/૧૦ ના કેસની દાવા અરજીની જજમેન્ટની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૫૩ |
| ૨૦ | ગણોત કેસ નં.૦૭/૧૮ ના ગ.ધા.ની ક. ૭૦(બી)ની અરજી નામંજુર કરી તેની સર્ટીફાઈડ નકલ અસલ | ૧૫૭ |

| | | |
|---|---|---|
| **૨૧** | વાદીએ નડીઆદના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં કો.મુ.નં.૨૨૩/૦૭ નંબરનો દાવો કરેલો તે દાવાના આંક–૦૧ ની સર્ટીફાઈડ નકલ | **૧૫૮** |
| **૨૨** | વાદીએ કો.મુ.નં.૨૩૩/૦૭ નો દાવામાં વિડ્રો પુરસીસ આપીને દાવો વિડ્રો કરવામાં આવ્યો તે વિડ્રો પુરસીસની સર્ટીફાઈડ નકલ | **૧૫૯** |
| **૨૩** | ક્લોજીંગ પુરસીસ | **૧૬૦** |

**(૧૦)** વિવાદી/મૂળ પ્રતિવાદીના વિ.વ.શ્રીની આંક–૨૪ થી રજૂ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી તેમાં તેમણે અપીલ મેમોમાં જણાવેલ કારણો વંચાણે લઈ અપીલ મંજૂર કરીને રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ ના કામે તા.૦૪/૦૪/૨૦૨૦ ના થયેલ હુકમ અને હુકમનામુ રદ કરવા રજૂઆત કરેલ છે.

**(૧૧)** રિસ્પોન્ડન્ટસ/મૂળ વાદીઓના વિ.વ.શ્રીની આંક–૧૯ થી રજૂ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી તેમજ મૌખિક દલીલો સાંભળી. તેમણે મૌખિક દલીલોમાં જણાવેલ છે કે વિદ્વાન ટ્રાયલ કોર્ટના જજમેન્ટ અને હુકમનામાંમાં ટ્રાયલ કોર્ટની કોઈ કાયદાકીય કે હકુમતની ભુલ થયેલ નથી અને તે જજમેન્ટ ગેરકાયદેસર નથી. જેથી વિદ્વાન ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ અને હુકમનામુ કાયમ રાખવા ભારપૂર્વક દલીલો કરેલ છે.

**(૧૨)** હવે અપીલના તબક્કે ઉપર જણાવેલ મુદ્દાઓની ચર્ચા સાથે નીચે મુજબના મુદ્દાઓ વિચારણામાં લેવા ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજશ્રીએ રે.મુ.નં.૩૬/૨૦૧૩ ના કામે તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ આંક–૧૬૩ થી કરેલ હુકમ અને હુકમનામુ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કાયદાના સિદ્ધાંતની વિરુદ્ધ હોય તેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર છે?

(૨) શું હુકમ અને હુકમનામુ?

**(૧૩)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિણર્ય નીચે મુજબ છે.

**(૧)** નકારાત્મક.

**(૨)** આખરી હુકમ મુજબ.

**(૧૪)** ઉપરોક્ત રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ દલીલોના આધારે અત્રેની અદાલતના નિર્ણયોના કારણો નીચે મુજબ અ◌ાપેલા છે.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નં.૧</u>**

**(૧૫)** હવે ટ્રાયલ કોર્ટ સમક્ષ બંને પક્ષોની રજૂઆત પડેલ પુરાવો ધ્યાનમાં લેતા તેમજ ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓ અને તે બાબતે સાક્ષીઓનો પુરાવો ધ્યાનમાં લઈ ટ્રાયલ અદાલતે તેમના ચૂકાદામાં રજૂ પુરાવાઓની ચર્ચા અને મૂલ્યાંકન કરતા પૂર્વે, પુરાવા અધિનિયમના નીચે મુજબના મુળભૂત સિદ્ધાંતો ધ્યાન સમક્ષ રાખવા આવશ્યક છે. (એ) પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ "Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. A must prove the existence of those facts." (બી) કોઈ હકીકત પુરવાર કરવા ઉત્તમ પુરાવો રજૂ થવો જોઈએ. (સી) પુરવાર કરવાની જવાબદારી હોય તેવી હકીકત વ્યક્તિએ પોતાના ઉત્તમ પુરાવાથી પુરવાર કરવી જોઈએ અને તે સામાપક્ષના નબળા પુરાવાથી તેની હકીકત પુરવાર થઈ જતી નથી. જે સિદ્ધાંતો ધ્યાન સમક્ષ રાખીને હાલના દાવાના કામે પડેલા પુરાવાનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે, જે નીચે મુજબ છે.

**(૧૬)** આ કામે વાદી તથા પ્રતિવાદીએ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે વિદ્વાન ટ્રાયલ કોર્ટે મુકરર કરેલ મુદ્દા

અને તે મુદ્દાના તારણો આપી ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો મંજૂર કરતો હુકમ અને હુકમનામું કરેલ છે. હાલની અપીલના કામે એપેલન્ટ/મૂળ પ્રતિવાદીના વિદ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, વાદીએ દાવા અરજીના પેરા–૧૦ માં ફક્ત મનાઈ હુકમ માટેની દાદ માંગી છે તેની સાથે કોઈ ડેકલેરેશનની દાદ માંગી નથી અને જો ડેકલેરેશનની દાદ ન માંગી હોય તો કાયમી મનાઈ હુકમ આપી ન શકાય. તેથી ના.ટ્રાયલ કોર્ટે વાદીના લાભમાં જે કાયમી મનાઈ હુકમની દાદ આપતી ડીક્રી કરેલ છે તે ગેરકાયદેસર છે તેથી તે રદ થવાને પાત્ર છે. વધુમાં તેમણે જણાવેલ છે કે નામ. ટ્રાયલ કોર્ટે વાદીનો કબજો માનવામાં ગંભીર ભુલ કરી છે અને વાદીનો ૩૦–૪૦ વર્ષથી દાવાવાળી જમીનનો કાયદેસરનો કબજો હોય અને ઓરડી બાંધીને રહેતા હોય અને ખેડતા હોય તેવી હકીકત રેકર્ડ ઉપર પડેલા પુરાવાથી સાબિત કરી નથી તેથી ટ્રાયલ કોર્ટે તેનો જવાબ નકરામાં આપેલી છે છતા વાદીનો કબજો માનીને મનાઈ હુકમ આપવામાં ગંભીર ભુલ કરી છે. દાવાવાળી જમીનના બ્લોક નં.૯૬ પ્રતિવાદીએ જમીનના મૂળ માલિક પ્રમોદભાઈ આપાભાઈ તેમજ બ્લોક નં.૪૫૧ ના માલિક મધુબેન નટુભાઈ આપાભાઈની વિધવા અને તેમના દિકરા રાજેશભાઈ પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ રાખેલી અને તે બંને દસ્તાવેજો અનુક્રમે આંક–૧૪૧ અને ૧૪૩ થી રજૂ છે અને રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીના નામે છે છતા ના.ટ્રાયલ કોર્ટે જણાવેલ છે કે પ્રતિવાદી સદરહુ મિલકતના માલિક હોય તેવો રેકર્ડ ઉપર પુરાવો રજૂ કર્યો નથી. વધુમાં જણાવેલ છે કે ટ્રાયલ કોર્ટે તેમના જજમેન્ટમાં સુબ્રમણીયમ તથા અન્ય વિરુદ્ધ આર પનેરસેલમ, ૨૦૨૧ (૩) એસ.સી.સી. ૬૭૫ ચુકાદો વંચાણે લીધેલ છે જે રેસ્યો હાલના કેસને લાગુ પડતો નથી તેમજ સુધારકર વિરુદ્ધ પી.બુચી રેડ્ડી (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૫૯૪ ના ચુકાદાના પેરા નં.૧૭ માં ઠરાવેલ છે તે મુજબ ટ્રાયલ કોર્ટે તે રૂલીંગનો રેશિયો ધ્યાને રાખીને વાદીના લાભમાં કાયમી મનાઈ હુકમ આપવામાં ગંભીર ભૂલ કરી છે. આમ ઉપર મુજબની દલીલો ગ્રાહ્ય રાખીને વિદ્વાન ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ અને હુકમનામું રદ કરવાની વિનંતી કરેલ છે.

**(૧૭)** સામાવાળા/મૂળ વાદી તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, મોજે ગામ હાથનોલી, તા.મહેમદાવાદ, જી.ખેડાની સીમમાં બ્લોક નં.૯૬ વાળી હે.૦–૬૭–૭૯ પ્ર.આરે વાળી અને બ્લોક નં.૪૫૧ વાળી હે.૦–૬૭–૭૯ પ્ર.આરે વાળી ખેતીની જમીનો આવેલી છે. જે જમીન રીસ્પોન્ડન્ટ છેલ્લા ૩૦ વર્ષ ઉપરાંતથી ગણોત હક્કથી ખેડી વાવી ઉપજ મેળવે છે. સદર જમીનના મુળ માલિક અવસાન પામેલ છે. જે જમીન બાબતે હાલમાં ગણોત હક્કથી તકરારો ચાલુ છે અને ગણોત અપીલો હાલમાં પણ ચાલુ છે. એપેલન્ટ દ્વારા અમારી જાણ બહાર તેમજ અમારો કબજો ભોગવટો હોવા છતાં દાવાવાળી મિલકતનો રજી.વેચાણ દસ્તાવેજ તેમના નામે કરી લીધેલ અને દસ્તાવેજ આધારે રેવન્યુ રેકર્ડે તેમના નામ દાખલ કરાવેલ છે. ત્યારબાદ વાદી યાને રીસ્પોડન્ટ સામે કો.મુ.૨૦૭/૨૦૧૦ તથા ૨૦૮/૨૦૧૦ થી દાવો દાખલ કર્યા બાદ અમારી પાસેથી દાવાવાળી મિલકતો પડાવી લેવા ધમકીઓ આપતા મૂળ વાદીએ મૂળ પ્રતિવાદી સામે નડીઆદ કોર્ટમાં કો.મુ.નં.૩૬/૨૦૧૩ થી દાવો દાખલ કરેલ હતો. વધુમાં તેમણે જણાવેલ છે કે, દાવાની હકીકતો જોતાં મુખ્યત્વે તકરાર ગણોત ધારા હેઠળ જમીનનો કબજો ધારણ કરતા હોવાની છે અને તે બાબતનો નિર્ણય કરવાની સત્તા માત્ર ગણોત કોર્ટને છે આ બાબતે હાલમાં અમો વાદી ગણોતીયા છીએ કે કેમ તે અત્રેની કોર્ટમાં નકકી કરવાનુ રહેતુ નથી. પરંતુ અમો વાદી તરફે જે પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે તે જોતાં અમો પક્ષકારો વચ્ચે ગણોત કેશ ચાલતા હોવાના પુરાવા રજુ કરવામાં આવેલ છે આ ઉપરાંત હાલમાં માત્ર અમો વાદીનો કબજો હોવાની હકીકત સાબીત કરવાની રહે છે.આ કામે વાદી ધ્વારા તથા પ્રતિવાદી ધ્વારા કો.મુ. નં.૨૦૭/૨૦૧૦ તથા ૨૦૮/૨૦૧૦ ના દાવાની નકલો રજુ કરવામાં આવેલ છે તે ઉપરથી જ સ્પષ્ટ પુરવાર થાય છે કે દાવાવાળી મિલકત અમો વાદીના કબજા ભોગવટામાં છે અને તેમાં અમારી ઓરડી આવેલ છે. તે જોતાં અમો વાદી મુદ્દા નં.૧ સ્પષ્ટ રીતે પુરવાર કરી શકેલ છીએ. આ કામના પ્રતિવાદીએ તેઓના ગીરોની હકીકતો સાબીત કરવાનો બોજો તેઓની ઉપર રહેલો છે. પ્રતિવાદી ધ્વારા દાવાવાળી જમીન મુળ માલીકોએ અમો વાદીને ગીરો આપી હોય તેવા કોઈ જ

પુરાવાઓ રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી તેમજ તેઓની ઉલટમાં પણ ગીરોનો દસ્તાવેજ તેઓ પાસે નહી હોવાની રજુઆત કરવામાં આવેલ છે વધુમાં ગીરો કોણે કઈ તારીખે આપેલ છે તેની તેઓને માહિતી નથી તેવુ જણાવેલ છે. આમ, પ્રતિવાદીએ આ દાવાના કામે મુદ્દા નં.૨ તથા ૩ પુરવાર કરવાના હતા તે તેઓ પુરવાર કરતા નથી તે સંજોગોમાં વાદીનો દાવો મંજુર થવાને પાત્ર હતો. આમ વાદીની દાવા અરજી મંજુર કરતો હુકમ વિદ્ધાન ટ્રાયલ કોર્ટે કરેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખવા અને રીસ્પોન્ડન્ટ સામે ખોટી અપીલ કરી ખોટા ખર્ચમાં ઉતારવા બદલ ખર્ચ અપાવવા રજૂઆત કરેલ છે.

**રીએપ્રીસીએશન કરીએ તો :–**

**(૧૮)** આ સિવિલ અદાલત છે અને સિવિલ પ્રોસીજર કોડની કલમ–૯૬ થી ૧૦૦ સુધીના પ્રબંધો જોવામાં આવે તો આ અપીલ અદાલતને કાયદા તેમજ હકીકતના પ્રશ્નોની વિશાળ સત્તા છે, પરંતુ સાથો સાથ કેવા સંજોગોમાં અને કેવી રીતે તેનુ પુનઃ મૂલ્યાંકન કરવું જોઈએ તે જોતા કલમ–૯૬ માં કોઈપણ ડીક્રી સામે એપેલન્ટ અપીલ કરવા માટે મુક્ત છે ત્યારે આ બાબતમાં સિ.પ્રો.કોડમાં વર્ષ ૧૯૯૯માં સુધારા થયેલા છે અને તેમાં રકમને લગતા દાવાઓમાં હદ, હકુમત અને સત્તા બાબતે આ અદાલતને કોડમાં જોગવાઈ કર્યા મુજબ સત્તા અને હકુમત આપેલી છે પરંતુ સાથોસાથ શું મૂલ્યાંકન કરવું જોઈએ અને વિદ્ધાન ટ્રાયલ અદાલતે કેવું મૂલ્યાંકન કરેલું છે તે બાબતે આ વિશાળ ચર્ચાઓ કરીને નામ.સુ.કો. દ્ધારા એ.આઈ.આર. ૧૯૬૫ સુ.કો. પાન ૫૦૭, શંકરલાલના ચુકાદામાં તેની ચર્ચા કરીને અપીલમાં એપેલન્ટને રાઈટ શું છે અને તેના અધિકાર શું છે અને તે બાબતે વિ.ટ્રાયલ અદાલતે કઈ કઈ હકીકતો ધ્યાનમાં લીધી છે તેની ચર્ચા કરેલી છે અને અત્રેની અપીલ અદાલતે પણ ફેક્ટ ફાઈન્ડીંગ ફર્સ્ટ એપેલન્ટ કોર્ટ તરીકે વિદ્ધાન ટ્રાયલ અદાલતના ચુકાદામાં ધ્યાનમાં લેવાયેલી હકીકતો બરાબર છે કે તેનું પુનઃનિરીક્ષણ યોગ્ય રીતે કરેલું છે ત્યારે કલમ–૯૬ ના પ્રબંધો જોતા પણ ઉપર જણાવેલા એપેલન્ટની અપીલમાં નામ. સુ.કો.ના વિવિધ ચુકાદાઓ જેવા કે (૧૯૯૪)૪ એસ.સી.સી. પાના–૯૯ એટલે કે એ.આઈ.આર. ૧૯૯૪

એસ.સી.પાન–૧૯૦૧ ના ચુકાદા અને અપીલ એટલે શું તે નામ. હાઈકોર્ટ અને નામ. સુ.કો. દ્વારા કલમ–૯૬ ના સંદર્ભમાં જે ચર્ચાઓ કરેલી છે અને તે અંગે પ્રિવી કાઉન્સીલના રીફર થયેલા ચુકાદાઓ ધ્યાનમાં રાખીને કલમ–૯૬ થી ૧૦૦ સુધીના અપીલ અંગેના પ્રબંધો અને સાથો સાથ વચગાળાના ઓર્ડરો કલમ–૪૩ ના પ્રબંધોની ચર્ચા કરીને નામ. સુપ્રિમ કોર્ટ કોણ અપીલ કરી શકે અને અપીલ થાય ત્યારે તેના રાઈટ શું છે, નેચર અને સ્કોપ શું છે અને દાવા અંગે અપીલમાં કઈ રેમેડી ઉપલબ્ધ છે તે વિવિધ ચુકાદાઓમાં જે માર્ગદર્શક સિદ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે તે લક્ષમાં રાખીને હાલના કેસમાં વિ.ટ્રાયલ અદાલતનાં ચુકાદામાં કોઈ ખામી છે કે, ખરાબી છે કે, કાયદા વિરુદ્ધની કોઈ હકીકત ધ્યાનમાં લીધેલ છે કે કેમ? તે તમામ આ ફર્સ્ટ એપેલેન્ટ કોર્ટે ફેક્ટ ફાઈન્ડીંગ કોર્ટ તરીકે પુનઃ મૂલ્યાંકન કરેલ છે અને તેમાં વિ.ટ્રાયલ અદાલતનું રેકર્ડ અને આખરી ચુકાદો જોઈ તપાસીને આપેલ હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં ઠરાવેલ છે કે, વાદી તરફે દાવા અરજી તથા સરતપાસના સોગંદનામામાં સર્વે નં.૯૬ અને ૪૫૧ બંને જમીનો છેલ્લા ૪૦ વર્ષથી કબજો ભોગવટો વાદી ધરાવે છે અને ખેતી કરી ઉપજ લે છે તેમ જણાવેલ છે અને પ્રતિવાદીઓ વિરુદ્ધ વાદીએ નડીઆદના કૃષિપંચ અને મામલતદાર સમક્ષ ગણોત કેસ નં.૪૦/૦૭ દાખલ કરી ગણોતીયા ઠરાવવા અરજી કરેલ છે તેમ જણાવેલ છે. વાદીએ આંક–૯૨ થી સદર અરજી અને આંક–૯૩ થી મનાઈ હુકમની પ્રમાણિત નકલ રજૂ રાખેલ છે. જે અનુસાર વાદીની તરફેણમાં ગણોત કેસમાં મનાઈ હુકમ થયેલ છે. પરંતુ ગણોત કેસ નં.૪૦/૦૭ માં આખરી હુકમ થયેલ છે કે કેમ? તેમ વાદીએ તેમના દાવામાં કે મૌખિક પુરાવામાં જણાવેલ નથી અને પ્રતિવાદી તરફથી લેખિત જવાબમાં સદર ગણોત કેસ નામંજૂર થયેલ છે તેમ જણાવેલ છે. તેમજ પ્રતિવાદી તરફથી ગણોત કેસ નં.૦૬/૧૦ નો ચુકાદો આંક–૧૫૬ થી રજૂ છે જે વંચાણે લેતા વાદીની ગણોતીયા ઠરાવવાની અરજી નામંજૂર થયેલ છે ત્યારે ગણોત કેસનો મનાઈ હુકમ અસ્તિત્વમાં રહેતો નથી. વાદીની ગણોત અરજી નં.૪૦/૦૭ અને ૦૬/૧૦ નામંજૂર થયા બાદ તેની સામે વાદીએ ગણોત ધારા કલમ–૭૦ બી હેઠળ ઉપરની ઓથોરિટી સમક્ષ

અરજી કરેલ છે જે અરજી પણ નામંજૂર થયેલ છે. જે હુકમની ખરી નકલ આંક–૧૫૭ થી રજૂ છે. તે વંચાણે લેતા માત્ર હાલનો દાવો દાખલ કર્યો ત્યારથી ટેનન્સી કેસમાં હાલના વાદીને ગણોતીયા ઠરાવવામાં આવેલા નથી તે હુકમ સામે વાદીએ કોઈ અપીલ કરેલ છે કે કેમ? તેમજ વાદીની ગણોત અપીલ મંજૂર થયા બાદ યોગ્ય ઓથોરીટી દ્ધારા વાદીને ગણોતીયા ઠરાવેલ છે કે કેમ? તેવો કોઈ પુરાવો વાદીએ રજૂ રાખેલ નથી. વધુમાં વાદીનો કબજો ભોગવટો હોવાનું પ્રતિવાદીએ સ્વીકાર કરેલ છે. પરંતુ તકરારી જમીન વાદી ગણોત હક્કથી ખેડે છે કે કેમ? અને ગણોત હક્ક મુજબ દાવાવાળી જમીન ઉપર વાદી કબજો ધરાવે છે કે કેમ? તે ટેનન્સી કોર્ટ દ્ધારા નક્કી કરવાનું રહે છે. જેથી યોગ્ય ઓથોરિટી દ્ધારા નક્કી ન થાય ત્યાં સુધી વાદી ગણોત હક્કે ખેડે છે તેમ પુરવાર થયેલ નથી. જેથી વિદ્ધાન ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. વધુમાં મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ પ્રતિવાદીએ સાબિત કરવાના છે અને જે પ્રતિવાદી રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર કરેલ ન હોય વિદ્ધાન ટ્રાયલ કોર્ટ તેના જવાબ નકારમાં આપેલ છે. તેના તારણો અને કારણોમાં વિદ્ધાન ટ્રાયલ કોર્ટે ઠરાવેલ છે કે પ્રતિવાદીએ તેઓના લેખીત જવાબના પેરા–૨૬ માં દાવાવાળી જમીન તેના મૂળ માલિકોએ રૂ.૮૦૦૦/– માં પ્રતિવાદી પાસે કબજો ગીરો મુકેલી અને તેની મુદત જુન–૨૦૦૭ ની અંદર પતી જતી હતી તેમ જણાવેલ છે. પરંતુ આંક–૧૪૧ અને આંક–૧૪૬ થી રજૂ દાવાવાળી જમીનના પ્રતિવાદીની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજમાં ગીરો વ્યવહારનો કોઈ ઉલ્લેખ નથી. તેમજ હાલના પ્રતિવાદીએ ગીરો કરાર વાદી તરફે રજૂ કરાવવા વાદીને કોઈ નોટિસ આપેલ નથી કે કોઈ પ્રોડક્શન અરજી પણ રજૂ રાખેલ નથી. વધુમાં આંક–૧૫૨ થી રજૂ સમગ્ર જુબાની વંચાણે લેવામાં આવે તો બ્લોક નં.૪૫૧ અને ૯૬ વાળી જમીન સદર પ્રમોદભાઈ આપાભાઈ પટેલની માલિકીની છે અને તેઓએ દાવાવાળી જમીન પ્રતિવાદીને ગીરો આપેલ તેમ જણાવેલ છે. પરંતુ તે બાબતે પ્રતિવાદીએ તેમના પ્લીડીંગ્સ મુજબની હકીકત પુરવાર કરવા આ કામે દાવાવાળી જમીન ગીરો આપનાર પ્રમોદભાઈ આપાભાઈ પટેલને પ્રતિવાદીએ તેઓના સમર્થનમાં સાક્ષી તરીકે તપાસેલ નથી જેથી ગીરો આપનાર નાઓ

આ કામે કોઈ મૌખીક પુરવો રજુ કર્યા સિવાય કે ગીરો વહેવાર કોની હાજરીમાં મૌખીક કે લેખીત થયો તે અંગે પ્લીડીંગ સિવાય ટેનન્સી કોર્ટની જુબાની જે આ કામે આંક−૧૫૨ થી રજુ છે તેના આધારે કહેવાતા ગીરો આપનારની જુબાનીના આધારે ગીરો વહેવાર થયેલ હોવાનુ પુરવાર થયેલ નથી. જેથી દાવાવાળી જમીન વાદી પાસે મૂળ માલિકે રૂ.૮૦૦૦/− માં ગીરો મુકેલી કે કેમ? તેમ પ્રતિવાદીએ પુરાવાર કરેલ નથી તેમજ ગીરોનો વ્યવહાર પ્રતિવાદી તરફે પુરવાર થયેલ નથી અને ગીરોનું લખાણ થયેલ કે કેમ? તે અંગે પણ કોઈ સચોટ પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફથી આંક−૧૪૧ અને આંક−૧૪૬ થી દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલો સામેલ રાખેલ છે. સદરહુ વેચાણ દસ્તાવેજ અસલ કે સર્ટિફાઈડ નકલ રજૂ રાખેલ નથી કે અસલ અથવા તો સર્ટિફાઈડ નકલ રજૂ ન રાખવાનું કોઈ કારણ પણ બતાવેલ નથી. તેમજ દસ્તાવેજમાં વેચાણ રાખનારની કોઈ સહી ન હોય દસ્તાવેજનું લખાણ તથા એક્ઝીક્યુશન પ્રતિવાદી તરફે પુરવાર થયેલ નથી. વધુમાં આ કામે વાદીએ ટાઈટલના આધારે મનાઈ હુકમ મેળવવા કોઈ દાદ માંગેલ નથી અને માત્ર કબજા ભોગવટાના આધારે માનાઈ હુકમનો દાવો કરેલ છે. તેમજ પ્રતિવાદીએ પણ દાવાવાળી જમીનમાં વાદીનો કબજો ભોગવટો હોવાનું સ્વીકારેલ છે તથા આ કામે દાવાવાળી જમીનના ટાઈટલના આધારે માલીકી હક્કના આધારે વાદીનો દાવો નથી પરંતુ ગણોત હક્કે જમીન ખેડે છે તેમ વાદીએ જણાવેલ છે. જે સાથે આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં વાદીનું પઝેશન હોવાનું કબુલ રાખેલ છે ત્યારે વાદીએ તેઓના નામે દાવાવાળી જમીનના ટાઈટલ અંગેનો કોઈ દાવો દાખલ કરેલ ન હોય અને હાલના વાદીએ પણ તેઓની દાવા અરજીમાં પણ દાવાવાળી જમીનોના ટાઈટલ બાબતે કોઈ તકરાર લીધેલ નથી તે હકીકત ધ્યાને લેતાં પણ ટાઈટલ ડીસ્પુટ આ કામે તકરારી બાબત ન હોય અને વાદીનો લાંબા સમયનો કબજો ભોગવટો પ્રતિવાદીએ સ્વીકારેલ હોય વાદી માત્ર લાંબા સમયના કબજા ભોગવટાને આધારે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમ મેળવવા હકકદાર બને છે. વધુમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં સુબ્રમણીયમ તથા અન્ય વિરુદ્ધ આર પનેરસેલમ,

૨૦૨૧(૩) એસ.સી.સી. ૬૭૫ અને અનાથુલા સુધાકર વિ. પી. બુચી રેડ્ડી, (૨૦૦૮) ૪ એસ.સી.સી. ૫૯૪ નો ચુકાદો હાલના કેસને લાગુ પડે છે તેવુ તારણ લીધેલ છે અને તે ચુકાદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંત હાલના કેસમાં ધ્યાને લેતાં વાદી ગણોતીયા તરીકે દાવાવાળી જમીનમાં માલિકી હક્ક ધરાવે છે કે કેમ? અને વાદીનું ટાયટલ દાવાવાળી જમીનમાં છે કે કેમ? તે ટેનન્સી કોર્ટ દ્વારા નક્કી કરવાનું રહે છે અને જયાં સુધી વાદીનું દાવાવાળી જમીનમાં ટાયટલ નક્કી ન થાય તથા પ્રતિવાદીના નામે વેચાણ દસ્તાવેજ થયેલ છે તે વેચાણ દસ્તાવેજ હાલના વાદીએ ચેલેન્જ કરેલ નથી જેથી વાદીએ પણ પ્રતિવાદીનું દાવાવાળી જમીનમાં ટાઈટલ પડકારેલ નથી અને માત્ર લાંબા સમયના કબજા ભોગવટાને આધારે મનાઈ હુકમનો હાલનો દાવો લાવેલ છે તે હકીકત સાથે નામ. સુપ્રીમ કોર્ટનો ઉપરોક્ત ચુકાદા ધ્યાને લઈ વાદીનો હાલનો પઝેશનના આધારે માત્ર મનાઈ હુકમ મેળવવાનો દાવો મંજુર થવા પાત્ર છે તેમ જણાવીને મુદ્દા નં.૦૪ નો જવાબ હકારમાં આપીને વિદ્વાન ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો મંજૂર કરતો જે હુકમ અને હુકમનામુ કરેલ છે તે બરાબર અને યોગ્ય છે અને તેનુ રીએપ્રીસીએશન આ અદાલતે કરેલ છે તેમજ બન્ને પક્ષના વકીલશ્રીઓની દલીલો, રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાનમાં લેતા તેમજ ઉપર કરેલી ચર્ચા મુજબ આ અદાલતને ટ્રાયલ અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવાનુ કોઈ વ્યાજબી અને ન્યાયોચિત કારણ જણાતુ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) વિવાદી/મૂળ પ્રતિવાદીની હાલની આ અપીલ નામંજૂર યાને રદ કરવામાં આવે છે.

(૨) નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજશ્રીએ રે.મુ.નં.૩૬/૨૦૧૩ ના કામે તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ આંક-૧૬૩ થી આપેલ ચુકાદો યથાવત/કન્ફર્મ રાખવામાં આવે છે.

(૩) આ અપીલની સાથે જે કોઈ વચગાળાની અરજીઓ હશે તે પણ ફેંસલ થયેલ ગણાશે.

(૪) વિવાદી/મૂળ પ્રતિવાદીએ પોત પોતાનો ખર્ચ ભોગવવો તેમજ પ્રતિ વિવાદી/મૂળ વાદીઓનો ખર્ચ વિવાદી/મૂળ પ્રતિવાદીઅે ચુકવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

(૬) આ હુકમની નકલ સંબંધીત ટ્રાયલ કોર્ટને રે.મુ.નં.૩૬/૨૦૧૩ ના અસલ રેકર્ડ સાથે મોકલી આપવી.

**હુકમ આજરોજ તારીખ : ૨૬મી, માહે : મે, સને : ૨૦૨૬ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા. ૨૬/૦૫/૨૦૨૬
સ્થળ : નડીઆદ

**(પ્રકાશકુમાર પી. પુરોહીત)**
ત્રીજા અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીઆદ.
કોડ નં. જીજે ૦૦૬૮૫